
RNI NO. 6304 / 62

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ
સંચાલિત

# પંચોલી નવયુગ




ઓકટોબર-૨૦૧૭ અંક - ૯
વર્ષ ૫૪ સળંગઅંક ૪૪૫
માસિક કિંમત-૧૦
વાર્ષિક લવાજમ-૧૦૦/-રૂ.

તંત્રી : દિનેશકુમાર મોહનલાલ મિસ્ત્રી
સહતંત્રી : મલયકુમાર દિનેશકુમાર મિસ્ત્રી

## શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ

# મહિલા સંગઠન

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ દ્વારા સંચાલિત મહિલા સંગઠન ના અધ્યક્ષ પદે મને, શોભાબેન કિશોરભાઇ મિસ્ત્રી ને અને કૉ ઓડીનેટર તરીકે શ્રીમતી જ્યોતિબેન સુભાષભાઇ પંચોલી ને નિયુક્ત કરવા બદલ અમે બન્ને સમસ્ત સમાજનો

આભાર માનીએ છીએ. અમે બન્ને સર્વ રીતે સમાજલક્ષી અને મહિલાઓના આંતરિક ગુણો વિકસે તેવા પ્રયત્નો કરીશું. અગાઉની ટીમને જેમ તમો સૌ મહિલા મંડળે સાથ સહકાર આપ્યો હતો તેવો જ અમને પણ આપતા રહેશો એવી આશા.

દિવાળી નજીક આવી રહી છે એટલે સૌ બહેનો ખુબ જ કામમાં પડી ગયા હશો.એ હું જાણું છું તેથી હાલ તુરત તો

અમે સર્વે એકમોની મહિલાઓ ને વધારે કાર્યરત ન કરતાં ફક્ત ઓકટોબર ૧૭ થી ડિસેમ્બર ૧૭ આ ત્રણ મહિના માટે જ પ્રોજેક્ટ આપીએ છીએ.

નવરાત્રી નજીક હોવાથી સૌ પ્રથમ:-:

૧) નવરાત્રીમાં ગરબાનું આયોજન અને સ્પર્ધા

૨) ફિલ્મી ગીતોની સ્પર્ધા

૩) નવયુગ માટે જાહેરાત ભેગી કરવી

૪) વેસ્ટ માંથી બેસ્ટ

નિયમો અગાઉ મુજબ જ રહેશે. જેમાં બે ગ્રુપ પાડવામાં આવ્યા છે.

" અ " ગ્રુપ ૧૦૦ થી વધુ ઘરો અને " બ " ગ્રુપ ૧૦૦ થી ઓછાં ઘરો

જાન્યુઆરી ૧૮ થી ડિસેમ્બર ૧૮ માટેના પ્રોજેક્ટ આપણે ડિસેમ્બર ૧૭ ના નવયુગ માં જાહેર કરીશું.

દરેક મહિલામંડળને વિનંતી કરવામાં આવે છે કે દર મહીને તમારા પ્રોજેક્ટનો રીપોર્ટ સુંદર અને સ્વચ્છ અક્ષરોમાં

નવયુગના તંત્રી તથા મહિલામંડળના અધ્યક્ષ અથવા કો-ઓર્ડીનેટર ને મોકલવાનો રહેશે.

અધ્યક્ષ:- : શોભાબહેને કિશોરભાઇ મિસ્ત્રી " ગોવિંદ વિજય " , ૩/૫૦ , બીલી રોડ , રાધેશ્યામ મંદિર સામે , બીલીમોરા -૩૯૬૩૨૧ મો.નં.- ૯૪૨૬૭૪૧૧૯૮

કો-ઓર્ડીનેટર:- : જ્યોતિબેન સુભાષભાઇ પંચોલી " જય શાંતિ " , ૨ સુભાષ પાર્ક સોસાયટી , હરણી રોડ , સંગમ ચાર રસ્તા, વડોદરા- ૩૯૦૦૦૬
મો.નં.- ૮૭૩૫૯૬૮૩૩૫






શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત

# પંચોલી નવયુગ

ઓકટોબર-૨૦૧૭

તમસો માં જ્યોતિર્મય

રજી. નં.: A/1822 ભરૂચ

RNI NO. 6304 / 62

-: પ્રકાશન સ્થળ :-

ડી-૩૦૨, શુભમ રેસીડન્સી, મેઘા ઓટોમોબાઇલ્સ સામે, તાલુકા સેવા સદન પાસે, જી.આઇ.ડી.સી., અંકલેશ્વર-૨

પ્રકાશન સામયિકતા : માસિક

પ્રકાશક તંત્રી નામ : શ્રી દિનેશભાઇ એમ. મિસ્ત્રી

મુદ્રકનું નામ :શ્રી દિનેશભાઇ એમ. મિસ્ત્રી

મુદ્રકનું સરનામું : અક્ષર પ્રિન્ટર્સ, ૨-૩, અજીત એસ્ટેટ, સ્કવેર પોઇન્ટ પાછળ, ડો. બેંક રોડ, જી.આઇ.ડી.સી., અંકલેશ્વર-૨

માલિકી ધરાવનાર : શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ બી-૨૫, બીજનગર, અંકલેશ્વર

હુ દિનેશભાઇ એમ. મિસ્ત્રી આથી જાહેર કરું છું કે ઉપર જણાવેલ માહિતી મારી જાણ મુજબ સાચી છે.

દિનેશભાઇ એમ. મિસ્ત્રી

## પંચોલી નવયુગ જાહેરાતના દર

| | |
|---|---|
| મલ્ટીકલર પેજ (ગ્લેઝ પેપર) | રૂ. ૭,૦૦૦/- |
| નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર-સીંગલ કલર) | રૂ. ૨,૫૦૦/- |
| દિપોત્સવી નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર-સીંગલ કલર) | રૂ. ૩,૦૦૦/- |
| કલર પેજ (ફકત દિપોત્સવી અંક) | રૂ. ૨,૦૦૦/- |
| સાદુ પેજ (એક ફોટો ફ્રી) | રૂ. ૧,૫૦૦/- |
| અડધુ પેજ | રૂ. ૭૫૦/- |
| અડધુ પેજ (એક ફોટો) | રૂ. ૮૦૦/- |
| પા પેજ | રૂ. ૪૦૦/- |

(પા, અડધા અને આખા પેજમાં એક થી વધુ ફોટાના ફોટા દીઠ રૂ. ૫૦ વધારાના આપવાના રહેશે.)

**નવયુગ શુભેચ્છક :** રૂ.૧૫,૫૫૫/-

(પ્રથમ વર્ષે આખા પેજ પર અને ત્યારબાદ ૨૦ વર્ષ સુધી દર વર્ષે દાતાઓના ફોટા તથા મેટર અડધા પેજ પર છાપવામાં આવશે.)

**નવયુગ શુભચિંતક :** રૂ. ૨,૫૨૫/-

(દર માસે ક્રમ મુજબ પાનાની નીચે નામ આવશે અથવા દિપોત્સવી અંકમાં એક વખત ફોટો છપાશે.(ફોટો છપાશે તો નામ આવશે નહીં.)

## પંચોલી નવયુગ લવાજમના દર

| | |
|---|---|
| **માસિક** | **રૂ. ૧૦/-** |
| **વાર્ષિક લવાજમ** | **રૂ. ૧૦૦/-** |

# તંત્રી નોંધ.....

સુજ્ઞ જ્ઞાતિજનો,

કુશળ હશો....

નવ નવલી રાતમાં યુવા ધન ગરબે ધુમી નવરાત્રીની મોજ માંડશે...મા શકિતની આરાધનાઓ કરશે... અને ત્યારબાદ દશેરો આવશે...દશેરો એટલે રામે રાવણને માર્યો... મા શકિતએ મહિસાસુરને માર્યો... આમ આસુરી શકિત પર દૈવી શકિતો વિજય.... આપણે પણ આપણામાં રહેલ કામ, ક્રોધ, અભિમાન, મોહ, માયા, લોભ જેવા અસુરોનો સંહાર કરી આપણા જીવનમાં વિજયા દશમી ઉજવીએ...

દશેરો ગયો એટલે રૂમઝુમ કરતી દિવાળી પણ આવી રહેશે...અને દિવાળી આવે એટલે દિપોત્સવીઅંકનો ઇન્તેજાર પણ દરેક જ્ઞાતિજનોને સ્વાભાવિક છે... પરંતુ આ વર્ષે અત્યારે તંત્રીનોંધ લખાય રહી છે ત્યારે દિવાળી અંકની અડધી જાહેરાત પણ નથી આવી....એનું કારણ શું...? જ્ઞાતિજનો આટલા વર્ષ સુધી જ્યારે સુંદર કાર્ય કર્યા હોય અને પછી એમાં ઓટ આવે એ મારા માટે અને પંચોલી નવયુગ માટે ચિંતાનો વિષય બને છે... આજ સુધી ખોબલે ખોબલે નવયુગને જાહેરાત આપનાર જ્ઞાતિજનને થયું છે શું ? કારણ બતાવો... મારા કામમાં અસંતોષ છે ? નવયુગ પ્રત્યે અણગમો છે ? આપ જણાવશો તો એમાં સુધારા વધારા કરી શકાય... નવયુગ આપણા સમાજનું મહત્વનું અંગ છે... સમાજનું દર્પણ છે... સમાજને જોડતી કડી છે.... આપણે એને સપોર્ટ કરવો જ રહ્યો.. આજ સુધી દળદાર અને રંગબેરંગી નવયુગ આપનાર તંત્રી પર હવે જ્ઞાતિજનો તમને મારા પર ભરશો નઇ કે ????

દિનેશભાઇ એમ. મિસ્ત્રી<br>
તંત્રી-પંચોલી નવયુગ

# પ્રમુખ નોંધ.....

શ્રી હેમંતકુમાર સી. મિસ્ત્રી-પ્રમુખ
શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ

વ્હાલા જ્ઞાતિજનો, વડીલો, મહિલાઓ અને યુવા મિત્રો

મોડે મોડે વરસાદે સમગ્ર ગુજરાત, ભારતને તરબોળ કર્યુ. આ દરમ્યાન શ્રીજી પણ પધાર્યા અને વિદાય પણ થયા. સુરત સ્વયં એ ટ્રી ગણેશ સ્થાપી પાણી અને પર્યાવરણ બચાવવાની સુંદર પહેલ કરી અભિનંદન...

હવે ટુંક સમયમાં દિવાળી આવશે, આ વખતે પણ નવયુગનું સુકામ સદા એકટીવ રહેતા દિનેશભાઇ એમ. મિસ્ત્રી અને મલયભાઇએ સંભાળ્યું છે, અને દિવાળી અંકની તૈયારી આરંભી દીધી છે. તેઓની કાયમી ફરીયાદ કે જાહેરાત નથી મળતી અને આ વર્ષે બહું મંદ ગતીએ જાહેરાત આવી રહી છે. આપણે એમની ફરિયાદ આ વર્ષે દૂર કરવી જ રહી. સૌ હોદ્દેદારો, એકમો પોતાની જાહેરાત આપે એવી મારી નમ્ર અપીલ છે. અન્ય તમામ સંલગ્ન સંસ્થાઓ પણ પોતાના ભાવી કાર્યક્રમોની તૈયારી કરી શકીએ. અમો પણ સામાન્ય સભાની ચર્ચા અને થયેલ નિર્ણયોનો અમલ કરવાની કોશીષો કરીશુ

સામાન્ય સંજોગોમાં આપણે મે મહિનાની આસપાસ સહાય માટેના ફોર્મ પ્રકાશિત કરીએ છીએ, આ વર્ષે આ ફોર્મ સપ્ટેમ્બર મહિનામાં ફોર્મ પ્રકાશિત થયા છે. જે જરૂરીઆતમંદ જ્ઞાતિજનોએ ભરીને મોકલી આપ્યા જ હશે એવી અપેક્ષા રાખું છું. મહામંડળ તથા સંલગ્ન સંસ્થાઓ દ્વારા આપવામાં આવતી સહાયના ફોર્મ વેબ સાઇટ પર ઉપલબ્ધ છે તો આપને વિનંતી છે કે નવયુગમાં ફોર્મ છપાવવાની રાહ જોયા વિના ફોર્મ ડાઉનલોડ કરી આપની અરજી સમયસર મોકલી આપશો. મહામંડળ દ્વારા આપવામાં આવતી વિધવા સહાય, નિરાધાર સહાય, દિવાળી સુધીમાં મળે એવા આશયથી હાલમાં ગયા વર્ષે આપવામાં આવેલ સહાયને આધારે મદદ કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. અમને મળેલ નવી અરજીઓને ત્યારબાદ નિકાલ કરીશું. વેબ સાઇટના નવા હોદ્દેદારોએ વેબસાઇટ માટે જાઇખ. મેળવવાની કોશીષ ચાલુ કરેલ છે. દરેક એકમ અને સભ્યોને પોતાની વિગતો અપલોડ કરવા વિનંતી છે. હાલમાં વેબ સાઇટ પર નોંધાયેલ સભ્યોને મેસેજ મોકલવાની ફેસીલીટી છે. આથી જે સભ્યો વેબ પર છે તેઓને જ માહિતી મળે છે, અમો ટુંક સમયમાં સૌને મેસેજીસ દ્વારા માહિતી પહોંચાડવાની ગણત્રી કરી રહ્યા છીએ. આ અંગે વેબસાઇટ કમિટિ ટૂંક સમયમાં આપને એક લીંક મોકલી શકે છે, જેના પર આપના ફોનથી જ વિગતો ભરી અપલોડ કરી સહકાર આપવા વિનંતી છે.

સમાજના હિતમાં અને હાલમાં ઘટતાં જતા વ્યાજના દરને ધ્યાનમાં લેતા સમાજને વધુ ફંડની જરૂરીઆત રહેવાની છે, તો જે દાતાઓએ સ્વર્ણિમફંડમાં દાન નોંધાવ્યુ છે તેઓને મહામંડળના એકાઉન્ટમાં રકમ સીધી જમા કરાવવી અથવા આપની સગવડ મુજબ એક મહામંત્રીશ્રીને મોકલશો તો આવકાર્ય છે. ટીપે ટીપે સરોવર ભરાય, આપનું નાનામાં નાનુ પ્રત્યેક દાન આવકાર્ય છે.

વગર વ્યાજની લોન પણ સ્વીકારી શકાય છે, અમોએ આ બાબતે સી.એ.ની સલાહ લીધી છે, સુરતના દાતા શ્રી રાજેન્દ્રભાઇ જેકિશનદાસ મિસ્ત્રી તથા ઇન્દિરાબેન રાજેન્દ્રભાઇ મિસ્ત્રી તરફથી એમના માતા-પિતા અને નાના-નાનીના સ્મરણાંર્થે મહામંડળના સ્વ. સી.ટી.મિસ્ત્રી સ્મારકનિધિને રૂા. ૧,૧૧,૧૧૧/-નું માતબર દાન આપી અમારા ઉત્સાહમાં વધારો કર્યો છે. દાતાશ્રીનો ખૂબ ખૂબ આભાર. આપ સૌના આવા જ આશિર્વાદની અપેક્ષા સહ...

પરિવર્તન અનિવાર્ય છે, જુઓને પાણીએ પણ પોતાનામાં તરવા માટે બરફ જ બનવુ પડે છે...

અસ્તુ....

**શું આપ દિપોત્સવી અંકમાં જાહેરાત આપવાનું ચુકી ગયા છો ?**
**તો આપની શુભેચ્છા ભેટ પંચોલી નવયુગને આપો અને અપાવો..**

## આપણે દિપોત્સવી અંક નવેમ્બર માસમાં માણીશું......

## શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ

# સામાન્ય સભા-૨૦૧૭ અહેવાલ





શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળની સામાન્ય સભા તા. ૨૭.૦૮.૨૦૧૭ને રવિવારના રોજ રામીબેન દયાળજી હોલ સોમનાથ સંકુલ, બીલીમોરા મુકામે સવારે ૯.૩૦ કલાકે પ્રમુખશ્રી મનિષભાઇ એમ. પંચોલીના અધ્યક્ષ સ્થાને મળી હતી.

દશ એકમમાંથી રજીસ્ટર મુજબ વ્યારા એકમ-૧૮, સુરત-૧૨, મુંબઇ-૬, ભીલાડ-૧, બીલીમોરા-૩૯, ગણદેવી-૨, નવસારી-૫, વડોદરા-૯, અંકલેશ્વર-૮ અને ઉનાઇ એકમમાંથી ૩ સભ્યો હાજર રહ્યા હતા.

સભાની શરૂઆત કરતા બીલીમોરા એકમના પ્રમુખશ્રી કિશોરભાઇ એન. મિસ્ત્રી તથા મહિલા સંગઠનના કો-ઓડીનેટર શ્રીમતિ શોભાબેન કિશોરભાઇ મિસ્ત્રીએ શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ ના પ્રમુખશ્રી મનિષભાઇ એમ. પંચોલી, ઉપપ્રમુખ શ્રી હેમંતભાઇ સી. મિસ્ત્રી અને શ્રી મુકેશભાઇ પી. પંચોલી, મહામંત્રી શ્રી રાજેશભાઇ ડી. પંચોલી વિગેરે હોદ્દેદારોને સ્ટેજ પર બિરાજવા આમંત્રણ આપ્યું. સ્વયં યુવા સંગઠન બીલીમોરાના ટવીન્કલબેન તથા યુવા સભ્યોએ ગણેશ વંદના કરી હતી. મહામંડળના પ્રમુખશ્રી તથા બીલીમોરા એકમના પ્રમુખ શ્રીએ દીપ પ્રાગટય કરી કાર્યક્રમનો શુભારંભ કર્યો હતો.

બીલીમોરા એકમ દ્વારા તથા સ્વયં બીલીમોરાના ટવીન્કલબેન તથા સભ્યોએ સ્ટેજ પર બેઠેલા મહાનુભાવોનું તથા સભા ખંડમાં બિરાજેલ મહામંડળની વિવિધ સંસ્થાના અધ્યક્ષશ્રીઓ તથા મંત્રીશ્રીઓનું વિશિષ્ટ પ્રકારે સજાવેલ ફુલના બુકે સાથે સ્વાગત કર્યું. શ્રીમતિ શોભાબેન કિશોરભાઇ મિસ્ત્રીએ શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળની સામાન્ય સભામાં હાજર રહેલા તમામ સભ્યોને આવકારતા આગળની સામાન્ય સભાનું સંચાલન કરવા મહામંડળના પ્રમુખ શ્રી મનિષભાઇ એમ. પંચોલીને વિનંતી કરી હતી.

મહામંડળના પ્રમુખ શ્રી મનિષભાઇ એમ. પંચોલીએ સામાન્ય સભાના હાજર દરેક સભ્યોને સ્વાગત પ્રવચનથી આવકાર્યા. તેમણે તેમના ચાર વર્ષ દરમ્યાનના કાર્યકાળની ઝાંખી કરાવી સર્વેનો આભાર વ્યકત કર્યો હતો. સ્વર્ણિમ ફંડની શરૂઆત કરી, સ્વયં તથા મહિલા સંગઠન, વિવિધ કાર્યની માહિતી આપી અને સામાન્ય સભાના કાર્યક્રમની શુભ શરૂઆત કરી.

**એજન્ડાનં. : ૧ :-** સૌ પ્રથમ ગત વર્ષમાં દેવલોક પામેલા દિવંગત જ્ઞાતિજનોને શ્રદ્ધાંજલી અર્પી બે મિનિટનું મૌન પાળ્યું.

**એજન્ડા નં. : ૨ :-** તા. ૧૭.૦૭.૨૦૧૬ના રોજ ભરૂચ મુકામે મળેલ સામાન્ય સભાની મિનિટ્સ મહામંત્રીશ્રી રાજેશભાઇ ડી. પંચોલીએ વાંચી અને ચર્ચા વિચારણા બાદ સર્વસંમતિથી મંજુર કરવામાં આવી.

**એજન્ડા નં. : ૩ :-** મહામંડળ તથા વિવિધ સંલગ્ન સંસ્થાઓના વર્ષ ૨૦૧૬-૧૭ના ઓડિટ થયેલ વાર્ષિક




વિદાય થયેલી ટીમ




નવી વરાયેલી ટીમ

અહેવાલ મંત્રીશ્રીની રજુઆત બાદ શ્રી જીતુભાઇ જી. મિસ્ત્રી-મુંબઇ દ્વારા પુછાયેલ પ્રશ્નનું નિરાકરણ નીચે મુજબ આપ્યું હતું. યુવાનોને પ્રોત્સાહિત કરવા માટે ગત વર્ષમાં સાપુતારા ખાતે સ્વયંના સભ્યોની એક દિવસીય ટુરનું આયોજન કર્યુ હતું. સુરત ખાતે સુરત સ્વયં દ્વારા ખ્યાતનામ વકતા કાજલ ઓઝા વૈદ્ય તથા મનોરંજનનો એક દિવસીય પોગ્રામ કર્યો નવસારી ખાતે ક્રિકેટ મેચનું આયોજન કર્યુ હતું આ તમામ કાર્યક્રમમાં મહામંડળ દ્વારા આપવામાં આવેલ ભેટનો સમાવેશ થાય છે. મહામંડળની સામાન્ય સભા કરનાર એકમને રૂા. ૨૦,૦૦૦/- ખર્ચ માટે યોગદાન આપે છે.

આ ચર્ચા દરમ્યાન ઉપપ્રમુખ શ્રી હેમંતભાઇ સી. મિસ્ત્રીએ સુચન કર્યુ હતું કે તમામ ખર્ચ સામાન્ય સભા મંજુર થયા બાદ જ કરવાનો હોય તો ઘણા કાર્ય થશે નહિં. આથી ઓફિસ બેરરને યોગ્ય લાગે તો ખર્ચ કરવાની અનુમતી હોવી જોઇએ. આ સુચન સામાન્ય સભાએ મંજુર કર્યુ હતું.

મહામંડળના પ્રમુખ શ્રીએ ઉપસ્થિત થયેલ પ્રશ્નોનું સભાને સંતોષ થાય તે મુજબનું નિરાકરણ આપ્યું. ત્યારબાદ મહામંડળ તથા વિવિધ સંલગ્ન સંસ્થાઓના વર્ષ ૨૦૧૬-૧૭ના વર્ષના વાર્ષિક હિસાબો સર્વ સંમતિથી સામાન્ય સભાએ મંજૂર કર્યા હતા.

સમાજ સુરક્ષા યોજનાના અધ્યક્ષશ્રી નવિનભાઇ વી. પંચોલીએ ગુજ.ઇ.કો.બેંકની સિલક માંડવાળ કરવાની દરખાસ્ત કરતા સભાએ જણાવ્યું કે લેણા ઉભા હોય તો ભવિષ્યમાં પરત મેળવી શકાય. શ્રી મનિષભાઇ, શ્રી હેમંતભાઇ, શ્રી ભરતભાઇએ પણ લેણા ઉભા રાખવાની તરફેણ કરી સભાએ દરખાસ્ત નામંજૂર કરી જેથી જ્યારે ભવિષ્યમાં એ સિલક પરત મળતા સંસ્થાને લાભ થશે.

સ્વ. સી.ટી.સ્મારકનિધિ તરફથી અધ્યક્ષશ્રી ધવલભાઇ જે. પંચોલીએ સમસ્ત જ્ઞાતિમાં બોર્ડની, ધો.૧૦ અને ૧૨ સાયન્સ અને કોમર્સ પરીક્ષામાં પ્રથમ અને દ્વિતીય આવનાર વિદ્યાર્થીઓનું સર્ટીફિકેટ આપી બહુમાન કર્યુ. મંત્રીશ્રી નિશિકાંત મિસ્ત્રીએ વર્ષ દરમ્યાન કરેલ પ્રવૃત્તિનો ચિતાર આપ્યો. વર્ષ દરમ્યાન ઇતર પ્રવૃત્તિ કરનાર વિદ્યાર્થીઓને પુરસ્કૃત કર્યા તેમજ સુરત ખાતે કેરીયર ગાઇડન્સનો પોગ્રામ કરી, આવેલ વિદ્યાર્થીઓ માટે રૂા. ૧૨૫/- ના દરે તેઓની એપ્ટીટયુડ ટેસ્ટનું આયોજન, વકતા ડો. રેખાબેન મિસ્ત્રી સાથે કર્યુ. તેમણે એપ્ટીટયુડ ટેસ્ટ માટે વિદ્યાર્થી દીઠ રૂા. ૧૫૦/-નું ડિસ્કાઉન્ટ આપ્યું. આ પોગ્રામ માટે એલ.સી.ગ્રુપ સુરતે રૂા. ૫,૦૦૦/-નું દાન તથા એપ્ટીટયુડ ટેસ્ટ માટે વિદ્યાર્થી દીઠ રૂા. ૨૫૦/- આપ્યા.

શ્રી રાજેન્દ્રભાઇ જે મિસ્ત્રી તરફથી રૂા. ૧,૧૧,૧૧૧/-નું વ્યાજ વપરાશ દાન સ્વ. સી.ટી.મિસ્ત્રી સ્મારકનિધિને મળ્યું છે. આભાર વ્યકત કરતો પત્ર આપવામાં આવ્યો..

વેબ સાઇટના અધ્યક્ષ શ્રી હેમંતભાઇ સી. મિસ્ત્રીએ વેબ સાઇટ ઉપર જાહેરાત આપવા અપીલ કરી હતી જેથી સેલ્ફ સસ્ટેનેબલ બની શકે. સુમનભાઇએ જણાવ્યું હતું કે સી.એ. એ લોન લેવા ના કહી છે, હેમંતભાઇએ

જણાવ્યું કે જો એફ.ડી. તોડવામાં આવે તો ૧% વ્યાજ ખાધ ઉપરાંત નવી ડીપોઝીટ ઓછા વ્યાજની થાય આમ બે બાજુની ખોટ નિવારવા વગર વ્યાજની લોન સી.એ.ને પૂછીને લીધી છે. શ્રી કિરણભાઇ મિસ્ત્રી-મુંબઇના જણાવ્યા મુજબ લોન લઇ ના શકાય તે માટે ચેરીટી કમીશ્નરશ્રીની મંજૂરી લેવી પડે, અંતમાં આવતા વર્ષ સુધીમાં સદર લોન પરત કરવાનું નકકી કરવામાં આવ્યું છે, તથા હાલમાં વ્યાજ વપરાશ ખાતે ૧૦,૦૦૦/- લીધેલ છે, ભવિષ્યમાં મહામંડળની નિતિ મુજબ દાન લેવું. તથા જે દાન વપરાશ માટે મળેલ છે તેમાંથી બાકી લોન ચૂકવી દેવી.

તબીબી સહાય અંગે શ્રી પારસભાઇ મિસ્ત્રીએ વિસ્તૃત માહિતી આપી હતી. સુરત મુકામે જનરલ હોસ્પિટલ ખાતે રૂા. ૯૦૦૦/- સુધીની મદદ કરવામાં આવે છે તેના માટે સુરતના શ્રી જતીનભાઇ આર. પંચોલી તથા ચંદ્રકાંતભાઇ રૂવાલા સુરતની નિમણૂંકને બહાલી આપવામાં આવી. તથા તેઓનો સંપર્ક કરવા વિનંતી..મો. ૯૬૩૮૪ ૪૪૭૭૪

**એજેન્ડા નં. : ૪ :-** શ્રી પંચોલી સેવા સમાજ અમદાવાદના પત્રનું વાંચન..... મહામંડળના પ્રમુખશ્રી મનિષભાઇ એમ. પંચોલીએ અમદાવાદથી આવેલ પત્રનું વાંચન કર્યુ. પત્ર મુજબ શ્રી જયેન્દ્રભાઇ પંચોલીએ આજ સુધી મેળવેલ સિદ્ધિઓ અને સેવાને ધ્યાને લઇ તેઓને 'સમાજ રત્ન' થી સન્માનવા જોઇએ એવી રજુઆત કરવામાં આવી હતી. પ્રમુખશ્રીએ જણાવ્યું કે એવોર્ડની કોઇ જોગવાઇ નથી. સામાન્ય સભાનો અભિપ્રાય લેતા ભવિષ્યમાં અન્ય માંગણી આવે તો વિવાદની શકયતાને ધ્યાને લઇ મહામંડળમાં આવા કોઇ એવોર્ડ નહી આપવાનું સભાએ ઠરાવ્યું. હેમંતભાઇએ જણાવ્યું કે સમાજમાં અન્ય વ્યકિતઓ પણ આવી છે કે જેમણે બે વખત સાહિત્ય એકેડમી એવોર્ડ અને હાલમાં ટુંકી વાર્તા વિજેતા અમદાવાદના જ શ્રીમતિ પલ્લવીબેન મિસ્ત્રીનું ઉદાહરણ આપતા વિવાદમાં ન પડવાનું મંતવ્ય આપ્યું. શ્રી જયેન્દ્રભાઇ પંચોલીએ આજ સુધી મેળવેલ સિદ્ધિઓ અને સેવાને ધ્યાને લઇને ભવિષ્યમાં મહામંડળના આવનારા કાર્યક્રમમાં તેમનું સન્માન કરવું તેવું નકકી કરવામાં આવ્યું.

એજન્ડા નં. : ૫ :- સુરત એકમ શરતી દાન સ્વીકારવા અંગેની રૂપરેખા નકકી કરવા બાબત... સુરત એકમ વતી IPP શ્રી હેમંતભાઇ મિસ્ત્રીએ નીચે મુજબની રજૂઆત કરી હતી.

રૂા. ૧૦,૦૦૦/-ની રકમ ભેટ તરીકે લેવી અને પંચોલી નવયુગમાં ઉલ્લેખ કરવો.

રૂા. ૧૦,૦૦૦/- થી ૫૦,૦૦૦/-ની રકમ વ્યાજ વપરાશ માટે લેવી અને પંચોલી નવયુગમાં ઉલ્લેખ કરવો.

૫૦,૦૦૦/- થી ૫,૦૦,૦૦૦/- સુધીની રકમ વ્યાજ વપરાશ માટે લેવી અને વ્યાજના ૮૦ % મહામંડળના અથવા જે તે સંસ્થાના હેતુ માટે વાપરવા અને ૨૦% રકમ દાતાની ઈચ્છા મુજબ ફોટો પ્રકાશન, ઈનામ તથા વહીવટી ખર્ચ પેટે વાપરવા.

રૂા. ૫,૦૦,૦૦૦/- લાખથી ઉપરનું દાન વિશેષ શરત સાથે આવે તો સામાન્ય સભાની મંજુરી લેવી.

ખજાનચી બોર્ડના અધ્યક્ષ શ્રી ભરતભાઇ સી. પંચોલીએ રજુઆત કરી કે આ રીતે જ આપણે દાન સ્વીકારીએ છીએ. વધુમાં આજીવન એટલે (૨૦ વર્ષ), આ બાબતે સભાએ વિસ્તૃત ચર્ચા કરી એ મુજબ દાન લેવાનું ચાલુ રાખવાનું નકકી કર્યુ.

**એજેન્ડા : ૬ :-** સુરત એકમ બંધારણ અંગે ચર્ચા સુરત એકમ વતી IPP શ્રી હેમંતભાઇ સી. મિસ્ત્રી એ રજુઆત કરી હતી કે આપણું આ કાર્ય ઘણા વર્ષોથી પેન્ડિંગ છે જેનો કોઇ નિકાલ થવો જોઇએ.

મહામંડળના પ્રમુખશ્રી મનિષભાઇ એમ. પંચોલીએ જણાવ્યું કે વડોદરા મુકામે યોજેલ સામાન્ય સભામાં આ બાબતે ચર્ચા કરી કમિટિની નિમણૂંક કરી હતી. પણ ગત વર્ષમાં કમિટિ મિટિંગ મળી શકી નથી, તેથી આવનાર વર્ષમાં કમિટિ યોગ્ય કાર્યવાહી કરી કાર્ય સત્વરે હાથ ઉપર લઇ પૂર્ણ કરશે. એવી આશા વ્યકત કરી. સભાએ આવતી સામાન્ય સભા સુધીમાં બંધારણ બાબતે કરવા

યોગ્ય ઠરાવ્યું.

**એજન્ડા નં. : ૭ :**- સભાના સમયે પ્રમુખ સ્થાનેથી રજુ થતા અન્ય કામો :-

(એ) મહામંડળના પ્રમુખશ્રી મનિષભાઇ એમ. પંચોલીએ જણાવ્યુ કે હાલમાં ૯૫% ફંડ વ્યાજ વપરાશ ફંડ હોય આવનારા દિવસોમાં વ્યાજદર ઓછો થતા મહામંડળ તરફથી અપાતી સહાય ઓછી થશે. તેથી હાલમાં મ્યુચ્યુઅલ ફંડ તથા RBI BONDમાં રોકાણ કરવાની દરખાસ્ત કરી.

ડો. મહેશભાઇ મિસ્ત્રીએ ૩૦% સુધીનું રોકાણ મ્યુચ્યુઅલ ફંડ તથા RBI માં કરવાની હિમાયત કરી.

શ્રી કિરણભાઇ પંચોલી-મુંબઇના જણાવ્યા મુજબ મ્યુચ્યુઅલ ફંડમાં આપણાં જેવી સંસ્થાએ ના કરવું જોઇએ. ૧૦% સુધી RBI BOND માં કરી શકાય. નવું દાન જે આવે તે દાન, દાતાની સંમતિથી મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરી શકાય.

સભાએ ૩૦% સુધીનું રોકાણ મ્યુચ્યુલ ફંડ તથા RBI Bond માં રોકાણ કરવાની વાત સર્વ સંમતિથી માન્ય રાખી.

(બી) સમાજ સુરક્ષા યોજના અગાઉ મળેલ સમાજ સુરક્ષા યોજનાની મિટિંગમાં થયેલ ઠરાવ મુજબ AOPની મદદથી મહામંડળથી અલગ કરી, એનો સ્વતંત્ર પાનકાર્ડ, એકાઉન્ટ તથા માળખુ જુદુ કરવું. તે માટે ચાર્ટડ એકાઉન્ટન્ટશ્રી કહે તે મુજબ કાર્યવાહી કરવી એમ સર્વાનુમતે નકકી કરવામાં આવ્યું.

(સી) મહામંડળના બંધારણ મુજબ મહામંડળના હોદ્દેદાર, જેવા કે મહામંડળના પ્રમુખ, મહામંડળના ઉપપ્રમુખ મહામંડળના મંત્રી, મહામંડળના ખજાનચી, મહામંડળના સહમંત્રી આવનારા હોદ્દેદારોની ટ્રસ્ટી મંડળના સભ્યો તરીકે નિમણૂંક કરવી.

(ડી) મહિલા મંડળ વિવિધ પ્રવૃત્તિ કરે, સંગઠીત થાય, દરેક એકમમાં સ્વયં યુવા સંગઠનની સ્થાપના કરવી. મહિલા સંગઠનના અધ્યક્ષા શ્રીમતિ આનંદીબેન ભરતભાઇ પંચોલીએ રીપોર્ટ આપ્યો કે જુન ૨૦૦૫માં મહિલા મંડળના અસ્તિત્વમાં આવ્યું હાલમાં ૨૨ મહિલા મંડળ કાર્યરત છે. ઘણાં મંડળો નિષ્ક્રિય છે. જયારે એક વર્ષની અંદર વડોદરા મહિલા મંડળ ઘણું જ સક્રિય થયું. વર્ષ ૨૦૧૬-૧૭ માટે તેમણે પ્રોજેકટ આપેલા અને તેમાંથી A અને B કેટેગરીમાં પ્રથમ અને દ્વિતીય સ્થાન નીચે મુજબ આપ્યું છે. દરેકને વિજેતા મંડળને સટીફિકેટ તથા રોકડ ઇનામો આપી સન્માન્યા.

કેટેગરી-**A** : પ્રથમ પ્રગતિ મહિલા મંડળ વ્યારા અને દ્વિતીય તેજસ્વીની મહિલા મંડળ વડોદરા.

કેટેગરી - **B** : પ્રથમ પંચોલી મહિલા મંડળ-અંકલેશ્વર અને દ્વિતીય ભગીની સમાજ મહિલા મંડળ - રાજપીપલા.

(ઇ) પ્રમુખ શ્રી એ નવયુગ વેબ સાઇટ હોવા ઉપરાંત એની યોગ્યતા પુરવાર કરી એક તાંતણે બાંધનાર તરીકે નવાજયું ત્યારબાદ તંત્રીશ્રી દિનેશભાઇ મિસ્ત્રીએ ગત દિવાળીમાં વધુ જાહેરાત લાવનાર નીચે મુજબના સભ્યો તથા અકમને પ્રમુખશ્રી મનિષભાઇ એમ. પંચોલીના વરદ હસ્તે સન્માનિત કર્યા જેમાં વધુમાં વધુ જાહેરાત લાવનાર એકમ વડોદરા એકમનું સીલ્ડ પ્રમુખશ્રી પદ્માકાંતભાઇને આપી સન્માન્યા. ત્યારબાદ શ્રી મુકેશ ભાઇ પી. પંચોલી-મુંબઇ, શ્રીમતિ શોભાબેન કિશોરભાઇ મિસ્ત્રી-બીલીમોરા, શ્રી કિશનભાઇ મગનભાઇ પંચોલી -જબુગામ, શ્રી અલ્પેશભાઇ પંચોલી-કવાંટ, તથા ૨૫ હજારથી વધુ જાહેરાત લાવનાર જ્ઞાતિજન... શ્રીમતિ શીલાબેન અશ્વિનભાઇ પંચોલી-વડોદરા, શ્રી સુરેશભાઇ જીવણભાઇ પંચોલી-રાજપીપલા, શ્રી પંચોલી સમાજ-વ્યારાને સન્માન્યા. પંચોલી જ્ઞાતિ પંચ નવસારી તરફથી નવયુગ પોર્ષ્ટીંગ માટે એમની આવતી સભ્ય ફી માંથી ૨૫ % એટલે રૂા. ૧૫૦૦/- અને શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇએ રૂા. ૫,૦૦૦/- આપ્યા... દાતાનો દિનેશભાઇએ આભાર વ્યકત કર્યો.

(એફ) સ્વ. અ.સૌ. ભગવતીબેન તથા સ્વ. મણીલાલ ભુલાભાઇ પંચોલી પ્રોત્સાહિત ફંડના દાતાશ્રી કિરણભાઇ મણીલાલ પંચોલી સાથે ચર્ચા કરી હવે પછી નવયુગમાં પ્રકાશિત થયેલ વિદ્યાર્થીના નામો માંથી જ ઇનામ માટે નામ સિલેક્ટ કરવામાં આવશે. એપ્રિલ-૨૦૧૫ માર્ચ ૨૦૧૬ દરમ્યાન પંચોલી નવયુગમાં આવેલ નામો માંથી શ્રેષ્ઠ વિદ્યાર્થીના નામો માંથી શ્રેષ્ઠ વિદ્યાર્થી-શ્રી પાર્થ જયેશકુમાર પંચોલી-સુરત તથા શ્રેષ્ઠ વિદ્યાર્થીની કુ. માનસી દિપ્લેશકુમાર પંચોલી-વડોદરાના વાલીઓને દાતાશ્રી કિરણભાઇ મણીલાલ પંચોલીના વરદ હસ્તે ઇનામ આપવામાં આવ્યા હતાં.

(જી) મહામંડળના પ્રમુખશ્રી મનિષભાઇ એમ. પંચોલીએ તેમના ચાર વર્ષના કાર્યકાળની થોડીક સુખરૂપી ક્ષણોને યાદ કરી અને અમુક કાર્ય ન કરી શકવાનો વસવસો વ્યકત કર્યો. તો સમાજની કુલ ૫૫(૬૦ થી ૭૦ વર્ષના) વિધવા બહેનોને અંબાજી, ગાંધીનગર પ્રવાસ યાત્રા યુ.કે.ના તથા વ્યારાના મિત્રોના સાથ-સહકારથી કરાવી શકયા એનો આનંદ જીવનભર રહેશે., ઉડાન-૧ અને ઉડાન-૨ ની સફળતા માટે મૃદુતા પંચોલીને ખાસ અભિનંદન આપ્યા હતાં. નવસારી ખાતે ક્રિકેટ મેચનું આયોજન, વેબસાઇટ પર નવયુગ મલ્ટી કલરમાં વાંચવા મળે છે છતા પણ નવયુગ તો હાથમાં લઇ વાંચવાની મઝા કંઇ ઔર હોય છે કહી દિનેશભાઇની સેવાને બિરદાવી.

પ્રમુખશ્રી મનિષભાઇ પંચોલીએ મહામંડળ તરફથી બીલીમોરા એકમને રૂા. ૨૦,૦૦૦/-નો ચેક સામાન્ય સભાના ખર્ચ માટે આપ્યા. વ્યકિતગત રીતે દરેક હોદ્દેદારોને તમામ એકમના પ્રમુખ/મંત્રીશ્રીઓ, સંલગ્ન સંસ્થાના અધ્યક્ષશ્રીઓ તથા મંત્રીશ્રીઓ તથા તમામ જ્ઞાતિજનો સાથ સહકાર આપવા બદલ હર્ષની લાગણી અનુભવી આભાર વ્યકત કર્યો અને આવનારી નવી ટીમને હાર્દિક શુભેચ્છાઓ પાઠવી.

**એજન્ડા નં. : ૮ :–** હોદ્દેદારોની નિમણૂંક

(A) શ્રી મનિષભાઇએ જણાવ્યું કે તેઓ તથા સંલગ્ન સંસ્થાના હોદ્દેદારોની મુદત પુરી થતી હોય એજન્ડા ૮ અન્વયે તેઓએ પોતાના સહિત તમામ હોદ્દેદારોને ફારેગ થયેલા જાહેર કરી હવે પછીની સભાની આગળની કાર્યવાહી કરવા માટે શ્રી ભરતભાઇ ચંપકભાઇ પંચોલી-વ્યારાની કાર્યકારી પ્રમુખ તરીક નિમણૂંક કરી. તેઓને હવે પછીની સભાની આગળની સત્તાવાર કાર્યવાહી કરવાની જવાબદારી સોંપી અને તમામ હોદ્દેદારોએ સામાન્ય સભામાં સ્થાન ગ્રહણ કર્યુ

**(B)** કાર્યકારી પ્રમુખ શ્રી ભરતભાઇ ચંપકલાલ પંચોલીએ જવાબદારી સ્વીકારતા પોતાની નિમણૂંક કરવા બદલ સામાન્ય સભાનો આભાર વ્યકત કરી પ્રમુખ શ્રી મનિષભાઇ એમ. પંચોલીના કાર્ય કાળની છણાવટ કરી તેમનો આભાર માન્યો.

**(C)** કાર્યકારી પ્રમુખશ્રી ભરતભાઇ ચંપકલાલ પંચોલીએ શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળના નવા પ્રમુખ તરીકે શ્રી હેમંતભાઇ સી. મિસ્ત્રીના નામની દરખાસ્ત મુકી જેને સુરત, અંકલેશ્વર, મુંબઇ, વ્યારા અને બીલીમોરા એકમે ટેકો આપ્યો. અને સમગ્ર સભાએ સર્વાનુમતે એમને વધાવી લીધા. કાર્યકારી પ્રમુખ શ્રી ભરતભાઇ ચંપકલાલ પંચોલીએ નવા વરાયેલા પ્રમુખ શ્રી હેમંતભાઇ સી. મિસ્ત્રીને સ્ટેજ પર બિરાજવા આમંત્રણ પાઠવ્યું.

**(D)** કાર્યકારી પ્રમુખશ્રી ભરતભાઇ પંચોલીએ નવા હોદ્દેદારોનો કાર્યકાળ પાંચ વર્ષનો કરવાની દરખાસ્ત મુકી. લાંબી ચર્ચાના અંતે તઓએ પ્રથમ ત્રણ વર્ષ અને ત્યારબાદ ૨ વર્ષની મુદત રાખવાની પ્રપોઝલ મુકી જેને સામાન્ય સભાએ બહાલી આપી. પરતું હેમંતભાઇએ જણાવ્યું કે બંધારણની જોગવાય મુજબ માત્ર બે વર્ષની નિમણૂંક થઇ શકે જે વધુ ૨ વર્ષ લંબાવી શકાય. અંતે બંધારણ મુજબ હાલમાં અને ભવિષ્યમાં બંધારણમાં જે સુધારા થાય તે મુજબના કાર્યકાળ મંજુર કરવામાં આવ્યો. હાલમાં નવા હોદ્દેદારો નો કાર્યકાળ ૨ વર્ષનો હોય છે તે ચાલુ રાખવો તેવું સર્વાનુમતે નકકી થયું.

**(E)** કાર્યકારી શ્રી ભરતભાઇ ચંપકલાલ પંચોલીએ શ્રી હેમંતભાઇ સી. મિસ્ત્રીને હાર્દિક અભિનંદન આપતા

જણાવ્યું કે ટીમ પ્રમુખશ્રીને અનુકુળ હોય તો કાર્ય સરળતાથી થઇ શકે આથી હવે પછીનું સભા સંચાલન અને આગળની કાર્યવાહી કરવા નવયુક્ત થયેલ શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળના પ્રમુખશ્રી હેમંતભાઇ ને ડાયસ સોપ્યું. અને આવનારી ટીમને શુભેચ્છાઓ પાઠવી.

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળના નવયુક્ત થયેલ પ્રમુખશ્રી હેમંતભાઇ સી. મિસ્ત્રીએ તેમનાં પ્રારંભિક પ્રવચનમાં મહામંડળના પ્રથમ પ્રમુખ સ્વ. વિઠ્ઠલકાકા, સ્વ. સી.ટી.મિસ્ત્રીથી લઇને શ્રી મનિષભાઇ એમ. પંચોલીએ જે અમીટ છાપ છોડી છે અને આગાધ પરિશ્રમ કરી સતત દોડતા રાખ્યા હતા તે જ રીતે શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળને વધુ ઉંચાઇ ઉપર લઇ નવાની દિલોજાનથી તેઓ તથા તેમની ટીમ બધા સભ્યોના સાથ સહકારથી કરશે તેવી આશા વ્યક્ત કરી હતી.

**(F)** શ્રી હેમંતભાઇએ શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળના વહીવટી કમિટિમાં ખજાનચીની નિમણુંક કરવાની દરખાસ્ત મુકી હતી તેને સભાએ સર્વાનુમતે મંજુર કરી.

**(G)** શ્રી હેમંતભાઇએ હાલમાં ચાલી આવતા ખજાનચી બોર્ડની જગ્યાએ ફાયનાન્સ એડવાઇઝરી કમિટિની રચના કરવાનું સુચન કર્યુ. જેથી જરૂર પડયે એક્સપર્ટ ઓપીનીયન લઇ શકાય ચર્ચાને અંતે ફાયનાન્સીયલ એડવાઇઝરી કમિટિએસર્વાનુમતે મંજુરી આપવામાં આવી.

**(H)** શ્રી હેમંતભાઇએ બેન્ક ખાતા ઓપરેટ કરવા તથા અન્ય વ્યવહાર માટે મહામંડળના પ્રમુખ/મંત્રીમાંથી કોઇ એકની સહી, મહામંડળના ખજાનચીની સહી ફરજીયાત તથા સંલગ્ન સંસ્થા, કમિટિ, સંગઠન, ના પ્રમુખ -મંત્રીમાંથી કોઇ એકની સહીથી નાણાંકીય વ્યવહાર કરવાની દરખાસ્ત મુકી હતી તેને સભાએ સર્વસંમતિથી મંજુર કરી. તે મુજબ જરૂર ત્યાં ઠરાવ રજુ કરવાની સત્તા આપી.

હેમંતભાઇએ નીચેના નામોની દરખાસ્તો મુકી તેને સામાન્ય સભાએ સર્વાનુમતે મંજુરી આપી.

ઉપપ્રમુખ-શ્રી મુકેશભાઇ પરમાનંદભાઇ પંચોલી-મુંબઇ

IPP -શ્રી મનીભાઇ મોહનલાલ પંચોલી -વ્યારા

મહામંત્રી-શ્રી નિશીકાંત બી. મિસ્ત્રી-સુરત

સહમંત્રી-શ્રી દેવાંગભાઇ પી. પંચોલી-વડોદરા

ખનજાચી-શ્રી ઉમેશ બી. પંચોલી-સુરત

**ફાયનાન્સ એડવાઝરી કમિટિ**

ડો. મહેશભાઇ એમ. મિસ્ત્રી, અંકલેશ્વર-સભ્ય

શ્રી કમલેશભાઇ હસમુખલાલ ગજ્જર, સુરત-સભ્ય

શ્રી કિરણભાઈ એમ. પંચોલી, મુંબઇ

**સભ્ય તથા ઓફિસ બેરર**

**પંચોલી નવયુગ**

શ્રી દિનેશકુમાર એમ. મિસ્ત્રી, અંકલેશ્વર-તંત્રી

શ્રી મલય મિસ્ત્રી,અંકલેશ્વર-સહતંત્રી

**સ્વ.સી.ટી. મિસ્ત્રી સ્મારક નિધિ**

શ્રી ધવલ જયંતીભાઇ પંચોલી, સુરત-અધ્યક્ષ

શ્રી દક્ષય.પી.ગજ્જર, સુરત-મંત્રી

**સમાજ સુરક્ષા યોજના**

શ્રી નવિનભાઇ સી. પંચોલી, વ્યારા-અધ્યક્ષ

શ્રી રાજેશભાઇ પી .ગાંધી, સુરત-મંત્રી

શ્રી કિશોરભાઇ એન. મિસ્ત્રી, બીલીમોરા-સહમંત્રી

**તબીબી સેવા સંકુલ**

ડો. વિસ્મય મહેશભાઇ મિસ્ત્રી, અંકલેશ્વર-અધ્યક્ષ

શ્રી પારસ એમ. મિસ્ત્રી, અંકલેશ્વર-મંત્રી

**મહિલા સંગઠન** શ્રીમતી શોભાબેન કિશોરભાઇ મિસ્ત્રી, બીલીમોરા-અધ્યક્ષા

શ્રીમતી જ્યોતિબેન સુભાષભાઇ પંચોલી-વડોદરા-કો.ઓર્ડી.

**વેબસાઇટ**

શ્રી પ્રતિક પી.પંચોલી, સુરત-એડમીન

શ્રી દિપેશ એ. મિસ્ત્રી સુરત-કો.ઓર્ડીનેટર

**યુવા સંગઠન**

શ્રીમતી મૃદુતા પ્રતિક પંચોલી, સુરત-અધ્યક્ષા

શ્રી પ્રણવ એમ.પંચોલી, નવસારી-કો.ઓર્ડીનેટર

શ્રી પરાગભાઇ એન. મિસ્ત્રી, મુંબઇ-કો.ઓર્ડીનેટર
**શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ ટ્રસ્ટીમંડળ**
ડો. મહેશભાઇ એમ. મિસ્ત્રી-અંકલેશ્વર
શ્રી પ્રશાંતભાઇ વિ. ગાંધી-વ્યારા
શ્રી નવિનભાઇ વિ. પંચોલી-વ્યારા
શ્રી ભરતભાઇ સી. પંચોલી-વ્યારા
શ્રી કિરણભાઇ એમ. પંચોલી-મુંબઇ
શ્રી ગિરીશચંદ્ર આઇ. ગજ્જર-સુરત
શ્રી ચંદ્રકાંત જે. પંચોલી-રાજપીપલા
ડો. ભૂપેન્દ્રભાઇ સી. પંચોલી-મુંબઇ
શ્રી મનિષભાઇ એમ. પંચોલી-વ્યારા
શ્રી હેમંતભાઇ સી. મિસ્ત્રી-સુરત
શ્રી મુકેશભાઇ પરમાનંદભાઇ પંચોલી-મુંબઇ
શ્રી નિશીકાંત બી. મિસ્ત્રી-સુરત
શ્રી દેવાંગભાઇ પી. પંચોલી-વડોદરા
શ્રી ઉમેશ બી. પંચોલી-સુરત

ડો. મહેશભાઇએ શ્રી મનિષભાઇ પંચોલીના કાર્યકાળની સિદ્ધિઓને બિરદાવી અને આવનારી શ્રી હેમંતભાઇ સી. મિસ્ત્રી ટીમને શુભેચ્છાઓ પાઠવી હતી. યુવાનોને કાર્યરત થવા હાકલ કરી અને સ્વર્ણિમ ફંડમાં વધુ વધારો થાય એવી આશા વ્યકત કરી હતી.

ઉપપ્રમુખ મુકેશભાઇ પંચોલીએ વોટ ઓફ થેંકસ રજુ કરતા મહામંડળની સામાન્ય સભામાં હાજર રહેવા બદલ આભારની લાગણી વ્યકત કરી હતી છેલ્લે નવી ટીમને નિયુકત કરવા બદલ તમામ સભ્યોને આભાર વ્યકત કર્યો.

પ્રમુખશ્રી હેમંતભાઇ સી. મિસ્ત્રીએ સામાન્ય સભાને પૂર્ણ થયાની જાહેરાત કરી હતી.

સ્વાદિષ્ટ ભોજન લેવા માટે બીલીમોરા એકમે સૌને નિમંત્રણ પાઠવ્યું.

નોંધ : સામાન્ય સભાની આ મિનિટસ્‌માં કોઇ પણ સુધારો કરવાની જરૂરીઆત જણાય તો મહામંત્રીશ્રીને લેખિત જાણ કરવા વિનંતી...

નિશિકાંત બી. મિસ્ત્રી-માનદ્‌ મહામંત્રી
શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ



# આપણું ગૌરવ

ગજરાતના રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને ગુજરાત રાજ્ય કલા અકાદમી અમદાવાદ દ્વારા આજીવન કલા ક્ષેત્રે યોગદાન આપેલ કલાકારોને રાજ્ય લલિતકલા ગૌરવ પુરસ્કારથી સન્માનવામાં આવે છે... એમાં આપણી જ જ્ઞાતિના કલાગુરૂ સુપ્રસિદ્ધ ચિત્રકાર

**જયેન્દ્રભાઈ એન પંચોલી (જય પંચોલી)**

ને આ પુરસ્કારથી સન્માનવામાં આવ્યા..
આ સન્માનથી શ્રી જય પંચોલીએ સમગ્ર પંચોલી સમાજ, એમના વતન અને એમના સ્વજનોને ગૌરવ પ્રદાન કર્યુ છે... સમગ્ર પંચોલી સમાજ એમને અભિનંદન આપે છે... અને સદાબહાર રહી હજુ પણ કલાક્ષેત્રે એમની સેવા પ્રદાન કરતા રહે.... સમાજને એનો લ્હાવો મળતો રહે એવી હાર્દિક શુભેચ્છાઓ સહ.....

શ્રી હેમંતભાઇ સી. મિસ્ત્રી-પ્રમુખ
શ્રી નિશિકાંત બી. મિસ્ત્રી-માનદ્‌ માહામંત્રી
તથા સંલગ્ન સંસ્થાઓના અધ્યક્ષશ્રીઓ તથા મંત્રીશ્રીઓ
શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ

# એક અનોખી સર્વિસ

પલ્લવીબેન જે. મિસ્ત્રી
અમદાવાદ

-૧૦.૧૫ વાળી ગઈ?

લીનાએ ઉતાવળે બસસ્ટોપ પર પહોંચી ત્યાં ઊભેલી નેહાને ઘડિયાળમાં જોતાં જોતાં પૂછ્યું. નેહા એની રોજની બસની હમસફર હતી. બંનેની સોસાયટીઓ પાસપાસે આવેલી હતી, અને બંનેની ઓફિસો પણ નજીક નજીક હતી. બસસ્ટોપ પર થયેલી મુલાકાત દોસ્તીમાં પરિણમી હતી. બંને રોજ ૧૦.૧૫ વાગ્યેની બસમાં સાથે જતાં, પણ આજે બંનેની બસ મિસ થઇ ગઈ હતી.

-હા, પાંચ મિનિટ પહેલાં જ ગઇ. નેહાએ જવાબ આપ્યો.

-આ દેશમાં બીજું કોઇ સમયસર ચાલે કે ન ચાલે, આપણી બસો સમયસર ચાલે છે, અને તેય આપણે જે દિવસે મોડા હોઇએ ત્યારે તો ખાસ.

-થોડો મેકઅપ ઓછો કરતી હોય તો બસસ્ટોપ પર સમયસર પહોંચી શકે ને? નેહાએ મશ્કરી કરતા કહ્યું.

-અચ્છા ? મારી વાત છોડ આપ મહારાણી શું ગુલ ખોલાવવા રોકાયા હતા તે તમારીય ૧૦.૧૫ વાળી બસ ગઈ?

યાર, આ મંગળવારે રક્ષાબંધન છે અને મારે મારા ભાઇને બહારગામ રાખડી મોકલવી છે, પણ રાખડી સાથે પત્ર તો લખવો જ પડે, હવે પત્ર લખવાની આદત તો મોબાઈલ અને ઈન્ટરનેટ આવ્યા પછી સાવ છૂટી જ ગઇ છે, તે પત્રમાં શું લખવું તેની વિમાસણમાં મોડું થઇ ગયું.

-સારું યાદ કરાવ્યું, મારે પણ મારા ભાઇને રાખડી મોકલવાની છે, પણ મારે તો હજી રાખડી બજારમાંથી લાવવાની પણ બાકી છે. ક્યારે સોમવારે છે ને રક્ષાબંધન?

-હા, આ વખતે સોમવારે રક્ષાબંધન છે એટલે સારું છે, રવિવારે હોત તો એક રજા શહીદ થઇ જાત.

-એકવાર તો ૧૫મી ઓગસ્ટ અને રક્ષાબંધન, બંને તહેવારો એક જ દિવસે હતા, આવું થાય તો આપણી તો એક રજા ઓછી થઇ જાય ને ? બે તહેવાર એક દિવસે ન હોવા જોઇએ, શું કહે છે તું?

-સાચી વાત છે, મહિનામાં રવિવાર ઉપરાંત બીજી બે ત્રણ રજા તો આવવી જ જોઇએ.

બસ આવી એટલે બંને બસમાં ચઢ્યા.

- મહિનામાં ચાર રવિવાર તો આવે છે, પણ એ તો ક્યાં પસાર થઇ જાય છે તે ખબર જ નથી પડતી.પેન્ડીંગ કામો જ એટલા બધા હોય છે ને, આજે પણ એમાં જ મોડું થઇ ગયું અને ૧૦.૧૫ વાળી નીકળી ગઇ. આજે તો ચોક્કસ હિટલર (બોસ) બગડવાના જ.

-તો મારા બોસ શું મારી આરતી ઉતારશે? જવા દે એ વાત, ચાલ્યા કરે એ તો. પણ ખબર છે, નેહા મારી પડોશણ કાલે શું વાત કરતી હતી?

-તારી પડોશણ શું કહેતી હતી તે મને કેવી રીતે ખબર પડે?

-એ એની બે દીકરીઓ સોહા અને શેફાલી વચ્ચે કમ્પેરીઝન કરતી હતી.

-એણે એવું ન કરવું જોઇએ.

-સાંભળ તો ખરી. એ કહેતી હતી કે મારી નાની દીકરી સોહા સ્માર્ટ છે, જ્યારે મોટી શેફાલી મોંની જરા મોળી છે.

-એવું કેમ?

-ગયા વર્ષની રક્ષાબંધનની વાત છે. રક્ષાબંધનના આગલા દિવસે અમુક સ્કુલોમાં રાખડી બાંધવાનો કાર્યક્રમ યોજાય છે. તે બાબતે પડોશણ કહેતી હતી કે શેફાલી દસ રૂપિયાવાળી બે રાખડી લાવી હતી, અને એણે એવા બે છોકરાઓને રાખડી બાંધી કે એને નાનકડી બે પાર્લે પીપરમીન્ટ સિવાય કઇ મળ્યું નહિ. જ્યારે સોહા પાંચ રૂપિયાવાળી ડઝન રાખડી લાવી હતી અને એણે એવા છોકરાઓને રાખડી બાંધી કે એને ૭ મોટી કેડબરી અને ૩ મોટી ફાઈવસ્ટાર ચોકલેટ મળી.

-ઓહ ગોડ, રાખડી બાંધવાની પવિત્ર ક્રિયા પાછળ આવી ખરાબ ગણતરી? ગજબ છોકરી કહેવાય.

-છોકરીની વાત છોડ, એની મા વિશે વિચાર. મા કહેતી હતી કે એક ગરીબ છોકરાએ સોહાને રાખડી બાંધવા કહ્યું તો સોહાએ ચાલાકીથી જોઇ લીધું કે એની પાસે આપવા માટે ખાલી પીપરમીન્ટ જ છે તો એણે ધરાર એને રાખડી ન બાંધી, જ્યારે શેફાલીએ એને પ્રેમથી રાખડી બાંધી.

-માય ગોડ ! લીના, આવી ગણતરીબાજ છોકરી સાસરે જશે તો પતિ અને સાસરિયાઓની હાલત શું થશે?

-આપણે સોહાની વાત વિચારીએ છીએ અને એની મમ્મીને શેફાલીની ચિંતા થાય છે, કે 'આ છોકરીનું શું થશે?'

-હશે, જવાદે. સૌના કર્યા સૌએ ભોગવવાના છે, હમણા તો મને બોસના બબડાટની ચિંતા થાય છે. ચાલ જાઉં છું, કાલે મળીએ.

-ઓકે, બાય બાય નેહા.

લીના ઓફીસ પહોંચી કામમાં લાગી ગઇ. બપોરે કેન્ટીનમાં લંચ લેતી વખતે એની ફ્રેન્ડ કંચને પૂછ્યું,

-શું થયું લીના, કેમ ચિંતામાં લાગે છે?

-યાર, ઘર અને ઓફીસના કામમાંથી ફુરસદ મળતી નથી, અને મારે તો હજી રાખડી પણ મોકલવાની છે, એ લેવા બજાર જવાનો ટાઇમ નથી, સમયસર રાખડી પહોંચશે નહિ તો ભાભી બબડશે, ‘બહેનબાને વરસના વચલે દા’ડે પણ અમને એક પત્ર લખવાની ફુરસદ મળતી નથી.’

-બસ, આટલી જ વાત છે? તને એક રસ્તો બતાવું તો તારો પ્રોબ્લેમ તો ચપટી વગાડતા સોલ્વ થઇ જશે.

-સાચ્ચે? બોલ બોલ, જલ્દી બોલ.

-ઓફીસ અવર્સ પતે એટલે તૈયાર રહેજે, તને એક જગ્યાએ લઇ જઇશ.

સાંજે કંચન લીનાને રવાલિયા રોડ પર આવેલ રાવલ મેન્શનમાં બીજા માળે આવેલી એક ઓફિસમાં લઇ ગઇ.

-આવો આવો બહેન, બોલો તમારી શી સેવા કરું?

-આ લીનાબેનને બહારગામ રાખડી મોકલવાની છે, એમને મદદ કરો.

-અરે રાખડી તો શું તમે કહેશો તો ભાખરી, ચકરી, ટોકરી ...જે કહેશો તે મોકલશું.

-ફિલહાલ તો એમના ભાઇને સમયસર રાખડી મળે એવું કરી આપો તો બસ છે.

-અરે કંચન, પણ મારે તો હજી રાખડી લાવવાની અને પત્ર લખવાનો પણ બાકી છે.

-એ બધી ફિકર તમે હવે અમારા પર છોડી દો, બહેન. તમે તો બસ સરનામું આપો.

-સરનામું?

-હા, સરનામું. જેને રાખડી મોકલવાની છે એ તમારા ભાઇનું સરનામું આપો. એમના કુટુંબીજનો વિશે માહિતી આપો. અમે રાખડીની સાથે પત્ર પણ લખીશું, એમાં તમારા સૌ પિયરીયાઓને સ્મરીશું. ગીત – ગઝલ - ભાઇ બહેનના પ્રેમની મસ્ત પંક્તિઓ લખીશું. દાખલા તરીકે: ‘ભૈયા મેરે રાખીકે બંધનકો નિભાના, ભૈયા મેરે છોટી બહનકો ન ભુલાના...’

-પણ હું તો એની મોટી બહેન છું.

-અચ્છા તો છોટી બહન ની જગ્યાએ બડી બહન લખીશું. તમે કહેશો તો સ્પીડપોસ્ટમાં અને તમે કહેશો તો કુરિયરમાં કવર મોકલશું. હવે તો અમે ફોન અને ઇમેલ જેવી ક્વિક સર્વિસ પણ શરુ કરી છે.

-ફોન કે ઇમેલથી રાખડી કઇ રીતે મોકલી શકાય?

-સિમ્પલ ! તમારા ભાઇ જે શહેરમાં રહેતા હોય ત્યાં અમારી બ્રાંચ હોય, અમે અહીંથી ફોન કે ઇમેલમાં જે સંદેશ મોકલીએ તે ત્યાની ઓફીસવાળા સંદેશાની સાથે રાખડી એટેચ કરીને તમે આપેલા સરનામે પહોંચાડી આવે.અમારી પાસે તો અવનવી રાખડીના આલ્બમ પણ છે, એમાં જોઇને તમે ભાઇ માટે રાખડી પસંદ કરી શકો.

-આઇડીયા બુરા નહીં હૈ.

-અમારી પાસે તો આનાથી પણ વધારે ઝાંસુ એટલે કે ફક્કડ આઇડીયા છે.

-અચ્છા, એ શું છે એ પણ કહીદો.

-આ વર્ષથી અમે અમારી ઓફિસમાં યંગ, સ્માર્ટ અને બ્યુટીફૂલ લેડીઝ સ્ટાફ રાખવાના છીએ. આ બહેનો તમારા વતી જાતે જ તમારા ભાઇના ઘરે જઇને કંકુ-ચોખા લગાવશે, આરતી ઉતારશે, મીઠાઇ ખવડાવશે અને તમારા ભાઇને રાખડી બાંધી આવશે. (જો તમારા ભાઇને આવી સુંદર યુવાન બહેન પાસે રાખડી બંધાવવાનો વાંધો ન હોય તો)

-ઓહ ઓહ.

-હજી સાંભળો, તમારા ભાઇ બદલામાં ‘વીરપસલી’ આપશે તો એ પણ અમે તમને તમારા ઘરે પહોંચાડીશું, અને એ મળ્યા ની રસીદ તમારા ભાઇને મોકલી આપીશું.

-અરે વાહ! એનો ચાર્જ શું રાખ્યો છે?

-એ તો જેવી સર્વિસ એવો ચાર્જ. જો તમારે આ પ્રસંગના ફોટા કે વિડીયો કેસેટ જોઇતી હોય તો એ પણ મળશે. એનો થોડો વધારે ચાર્જ થશે.

-આઇડીયા તો ખુબ સરસ છે. સુપર્બ ! આવો આઇડીયા કોને આવ્યો?

-મેડમ, ‘ઓરીજીનલ આઇડીયા કેમ ફ્રોમ ઓરીજીનલ માઇન્ડ.’ હવે બોલો, તમારે કેવી ટાઇપની સેવા જોઇએ છે?

-મારે તો એક સિમ્પલ પણ સરસ રાખડી અને એક પ્રેમસભર પત્ર બળેવ પહેલા મારા ભાઇને મળી જવા જોઇએ.

-મળી જશે, તમે ત્યાં ટેબલ પર જઇને રાખડી પસંદ કરી લો અને વિગત લખાવી દો.

વિગત લખાવીને લીના આ ‘અનોખી સર્વિસ’ ની માહિતી નેહાને આપવા ઓફિસમાંથી નીકળી બસસ્ટોપ તરફ વળી.

# સંસ્થા સમાચાર

## પંચોલી સમાજ અમદાવાદ



ગુજરાત રાજય લલિતકલા અકાદમી-લલીત કલા ગૌરવ પુરસ્કાર ૨૦૧૫-૨૦૧૬ માટેનો કલાગુરૂ સુપ્રસિદ્ધ ચિત્રકાર શ્રી જય પંચોલીને તા. ૩૦ ઓગસ્ટ-૨૦૧૭ના રોજ અર્પણ થયો. જેમાં ૫૦,૦૦૦/-રૂા. ગૌરવ પુરસ્કારનો શિલ્ડ-શાલ અને બુકે-સર્ટિફીકેટ ૫૦૦ જેટલા કલારસિકો-કલાકારોની હાજરીમાં ભાઇકાકા હોલ અમદાવાદ ખાતે અર્પણ થયો.



ગુજરાત વિઝયુઅલ આર્ટિસ્ટ એસો. દ્વારા ૧૫ ઓગસ્ટ ૨૦૧૭, ગૌરવ પુરસ્કાર મેળવવા બદલ કલાગુરૂ સુપ્રસિદ્ધ ચિત્રકાર શ્રી જય પંચોલીનું શાલ-બુકે અને સન્માનપત્રથી બહુમાન કરાયું.



રાજપીપલા મિત્રમંડળ વડોદરા દ્વારા ૨૦ ઓગસ્ટ ૨૦૧૭, ગૌરવ પુરસ્કાર મેળવવા બદલ કલાગુરૂ સુપ્રસિદ્ધ ચિત્રકાર શ્રી જય પંચોલીનું શાલ-બુકે અને સન્માનપત્રથી બહુમાન કરાયું.



ગુજરાત વિઝયુઅલ આર્ટિસ્ટ એસો. દ્વારા ૧૫ ઓગસ્ટ ૨૦૧૭, સમાજના કલાકાર શ્રી રાજુલ પંચોલીનું એસો. સક્રિય કલાકાર તરીકે શાલ-બુકે અને પ્રશસ્તિપત્ર દ્વારા કલાગુરૂ સુપ્રસિદ્ધ ચિત્રકાર જયપંચોલીના વરદ હસ્તે બહુમાન થયું.

## પંચોલી સેવા સમાજ બીલીમોરા

સામાન્ય સભામાં મળેલ દાનની યાદી....

૧૫૧ જયેશભાઇ જે. પંચોલી-સુરત
૧૫૧ ભૂપેન્દ્રભાઇ ડી. પંચોલી-પંચોલ
૧૫૧ સોનલબેન જે. પંચોલી-બીલીમોરા
૧૫૧ જિતેશકુમાર ધ. પંચોલી-બીલીમોરા
૧૫૦ નિલેષભાઇ આર. મિસ્ત્રી-ભિલાડ
૧૫૦ અંકલેશ્વર મહિલા મંડળ-અંકલેશ્વર
૧૫૦ દક્ષયભાઇ પી. ગજ્જર-સુરત
૧૦૧ જય હેમંતકુમાર પંચોલી-બીલીમોરા
૧૦૧ જીગીષા નિલેષભાઇ પંચોલી-ગણદેવી
૧૦૧ દક્ષાબેન જે. મિસ્ત્રી-બીલીમોરા
૧૦૧ મનિષાબેન પં. મહેતા-બીલીમોરા
૧૦૧ માનનીય દમુબેન સુ. પંચોલી-બીલીમોરા
૧૦૧ રજનીકાંત ડી. પંચોલી-પંચોલ
૧૦૧ રાજેશભાઇ પી. ગાંધી-ઉધના
૧૦૧ સંજયભાઇ મો. જરીવાલા-સુરત
૧૦૧ માનનીય ભાવનાબેન પૂ. પંચોલી-બીલીમોરા
૧૦૧ દક્ષાબેન બી. મિસ્ત્રી-બીલીમોરા
૧૦૧ ભરતભાઇ ગ. પંચોલી-વડોદરા
૧૦૧ જીગરભાઇ ધ. પંચોલી-બીલીમોરા
૧૦૦ વિશાલભાઇ વિ. મિસ્ત્રી-બીલીમોરા
૧૦૦ ગિરીશભાઇ એમ. પંચોલી-વડોદરા

## પંચોલી સમાજ વડોદરા

વડોદરા નિવાસી અંજનાબેન(પત્નિ) અને તુષારભાઇ ગોવિંદભાઇ પંચોલી (પુત્ર) તરફથી સ્વ. ગોવિંદભાઇ કાલીદાસ પંચોલીના સ્મરણાર્થે વડોદરા સમાજને રૂા. ૭૫૧/- ભેટ મળ્યા....

આંખ એક જ ભાષા
સમજે એ પ્રેમની..
મળે તો પણ છલકે
ન મળે તો પણ છલકે .

# મહિલા સમાચાર

**શ્રી પ્રગતિ મહિલા મંડળ-વ્યારા**

ઑગષ્ટ માસની મિટિંગ તા. ૨૦.૦૮.૨૦૧૭ના રોજ પંચોલી વાડીમાં રાખવામાં આવી હતી. હેતલબેને સર્વે બહેનોને આવકાર આપ્યો. ૧૫મી ઑગષ્ટ નિમિત્તે રાષ્ટ્રીય ગાન કરી મિટિંગની શુભ શરૂઆત કરવામાં આવી.

શ્રીમતિ રીનલબેને સરપ્રાઇઝ ગેમ રમાડી જેના વિજેતા પ્રવિણાબેન બી. ગાંધી બન્યા. આ માસમાં આવતી સભ્ય બહેનોની એનીવર્સરી અને બર્થડે વિશ કરવામાં આવી. પારૂલબેને એક દિવસીય પ્રવાસ અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી. નવી કારોબારી સભ્યોની નિમણૂંક કરવામાં આવી. વર્ષાગીતની સ્પર્ધા રાખવામાં આવી જેના નિર્ણાયક તરીકે ઉર્મિલાબેન ભટ્ટે સેવા આપી. જેમાં પ્રથમ : ભૂમીબેન ટી. પંચોલી, દ્વિતીય : જ્યોત્સનાબેન એમ. પંચોલી અને તૃતીય : ગીતાબેન જે. ગાંધી અને ચતુર્થ ક્રમે નેહાબેન જે. પંચોલી વિજેતા થયા. ત્યારબાદ નિર્ણાયકશ્રી ઉર્મિલાબેને સુંદર ગીતની રજુઆત કરી... મંડળ તરફથી હોદ્દેદારના વરદ હસ્તે સ્મૃતિભેટ આપવામાં આવી.

૧૫ ઑગસ્ટ અને જન્માષ્ટમી હોવાથી મટકીફોડનું આયોજન કરવામાં આવ્યું. જેમાં પ્રિયા અંકિત પંચોલીના સુપુત્ર ચિ. પંથે શ્રી કૃષ્ણના વેશમાં મટકી ફોડી.. પારૂલબેને ચિ. પંથને ગીફટ આપી સન્માન્યા. રાધા - કૃષ્ણ બનીને આવેલા સૌ બાળકોને મન્ચ આપી જન્માષ્ટમીની ઉજવણી કરવામાં આવી.

શ્રીમતિ ગીતાબેન જે ગાંધીની આ માસમાં એનિવર્સરી આવતી હોય એમના તરફથી સૌ સભ્યોને પાઉ-ભાજીનો અલ્પાહાર કરવવામાં આવ્યો હતો. મહિલા મંડળે ગીતાબેનનો ખૂબ ખૂબ આભાર માન્યો.

તા. ૩.૭.૨૦૧૭ના રોજ એક દિવસીય પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં બરૂમાલા, ફલધરા, વિશ્વમભરી માતાનું મંદિર તથા વૈષ્ણોદેવી માતાના



મંદિરના દર્શનનો પ્રવાસ સ્થળ રાખવામાં આવ્યા. હતા.

સવારે ૬.૦૦ કલાકે પંચોલી વાડીથી પ્રવાસનો આરંભ કરવામાં આવી. પ્રથમ ગણપતી વંદના કરી ભજનોની રમઝટ સાથે પ્રવાસ આગળ વધ્યો.. પાસીંગ ગેમ અને અંતાક્ષરી રમ્યા.

પ્રથમ બરૂમાલા પહોચ્યા જ્યાં અગીયારમુખી મહાદેવ, બાર જ્યોર્તિલીંગ, નવગ્રહ દેવતા, માતાજીની અનેક ઝાંખીઓ અને વિવિધ દેવતાઓના મનભરીને દર્શન કર્યા.. ચા-બટાકા પૌઆનો અલ્પાહાર કરી ફલધરા તરફ રવાના થયા.

ફલધરામાં ગણપતીજી, જલારામબાપા, તથા સાંઇબાબાના દશન કર્યા. ત્યાં એકવેરીયમ, બાળકો માટેની રાઇડમાં બાળકોએ આનંદ પ્રમોદ કર્યો અને બહેનોએ નાનકડી મિટિંગનું આયોજન કર્યુ. આ માસ દરમ્યાન આવતી એનીવર્સરી અને બર્થડે વીશ કરવામાં આવી. હેતલબેને સરપ્રાઇઝ ગેમ રમાડી જેના વિજેતા ચંદ્રકલાબેન સી. પંચોલી થયા. પારૂલબેન અને રીનલબેને પાસાની ગેમ રમાડી જેમાં પ્રથમ ઉષાબેન એચ. પંચોલી, દ્વિતીય વૈશાલીબેન વી. પંચોલી થયા.

રીટાબેન અને ચિ. સિદ્ધિએ સુંદર ગીત રજુ કર્યુ. ગીતાબેન ગાંધીએ બાળકોને ગેમ રમાડી જેમાં પ્રથમ પ્રનિલ ધવલકુમાર પંચોલી, દ્વિતીય હેત વિપુલભાઇ પંચોલી, તૃતીય શુભ કૃણાલભાઇ પંચોલી તથા મૈત્રી ધર્મેશભાઇ પંચોલી થયા. મનિષાબેને કવીઝ રમાડી

જેમાં વિજેતા હેત પરેશભાઇ પંચોલી થયા. આ તમામ બાળકોને ગીતાબેન ગાંધી તરફથી ઇનામો આપવામાં આવ્યા. મંડળે ગીતાબેનનો આભાર વ્યકત કર્યો.

તા. ૨૭.૦૮.૨૦૧૭ના રોજ બીલીમોરા મુકામે મહામંડળ ની સામાન્ય સભા કમ કારોબારી સભા થઇ હતી જેમાં વર્ષ ૨૦૧૬-૧૭નું બેસ્ટ મહિલા મંડળનું ઇનામ તથા રોકડ રકમ પ્રગતિ મહિલા મંડળ વ્યારાને મળ્યું હતું. આગામી મિટિંગ તા. ૧.૧૦.૨૦૧૭ના રોજ રાખવાનું નકકી કરવામાં આવ્યું. ત્યારબાદ બોપોરના ભોજનનો સૌએ રસાસ્વાદ માણ્યો. જયશ્રીબેન તથા સોનલ બેને સંગીત ખુરશીની સ્પર્ધા રમાડી જેમાં ભારતીબેન એન ગાંધી વિજેતા બન્યા. તેઓને ફલધરાના ભારતીબેન જીજ્ઞેશભાઇ તરફથી ઇનામ આપવામાં આવ્યું. બપોરની ચા તથા એક ગ્રુપ ફોટો પણ જીજ્ઞેશભાઇ તરફથી સ્પોન્સર કરવામાં આવ્યો. સહાયરૂપ થવા માટે એમનો આભાર વ્યકત કર્યો.

ફલધરાથી રાબડા વિશ્વંભરીમાતાનાં મંદિરે પહોંચ્યા અને મનભરીને માના દર્શન કર્યા અને માના સાનિધ્યમાં શાંતિનો અનુભવ કર્યો. ગોકુળગામની પ્રતિકૃતિ સમાન ગૌશાળા કે જેમાં ગીરની ગાયો છે. આ ગાયના દુધમાંથી બનેલ લસ્સી તથા છાસપીને તૃપ્તીનો ઓડકાર લીધો. ત્યાંથી વૈષ્ણોદેવીના મંદિરે ગયા. દર્શન પૂજા અને સાંજની આરતીનો લાભ લીધો. રાત્રીનું ભોજન અહીંયા જ કર્યુ. જેમાં મસાલા ખીચડી-કડી અને અથાણાંનો રસાસ્વાદ માણ્યા બાદ વ્યારા આવવા પરત ફર્યા.

સમગ્ર પ્રવાસ દરમ્યાન દરેક કાર્યમાં સાથ આપનાર રંજનબેન તથા સમાજના હોદ્દેદારો હિતેષભાઇ, નવિનભાઇ તથા અંકિતભાઇ, કે જેમણે સવારનો નાસ્તો, ચા, બપોરનો જમણવાર તથા રાત્રી ભોજનની સુંદર વ્યવસ્થા કરવા બદલ અમો આભારી છીએ. આ પ્રવાસમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મદદરૂપ થનારના પણ અમો આભારી છીએ..

રૂા. ૫૧ મનિષાબેન ઇલેશભાઇ પંચોલી-બર્થડે નિમિત્તે

રૂા. ૫૧ આશાબેન કુલિનભાઇ પંચોલી-બર્થડે નિમિત્તે.

## પંચોલી ભગીની સમાજ-રાજપીપલા

તા. ૩૦.૦૮.૨૦૧૭ના રોજ સ્મૃતિબેનને ત્યાં મિટિંગ રાખવામાં આવી. ઉષાબેને વેલકમ ડ્રિંકસથી સ્વાગત કર્યુ. પ્રાર્થનાથી મિટિંગની શુભ શરૂઆત કરવામાં આવી.

શર્મીષ્ઠાબેન મફતલાલ પંચોલીના સ્મરણાર્થે બે મિનિટ મૌન પાળી શ્રદ્ધાંજલી આપવામાં આવી. સ્મૃતિબેને ગેમ રમાડી. વિજેતા બહેનોને ઇનામ આપવામાં આવ્યા. સુપુત્ર અનુરાગનું વેવિશાળ થતાં સ્મૃતિબેને સૌનું મો મીઠું કરાવ્યું. મંડળમાં નવી કારોબારી સભ્યો શ્રીમતિ નિધિબેન નિરવકુમાર પંચોલી અને છાયાબેન કિશોરભાઇ પંચોલીનો સમાવેશ કરવામાં આવ્યો. લકી ડ્રોની ચર્ચા કરી એમાં રેખાબેન કંચનભાઇ પંચોલી લકી બન્યા.

૫૧ હિનાબેન ચંદ્રકાંતભાઇ પંચોલી-બર્થડે નિમિત્તે.

૧૦૦ નિધિબેન નિરવકુમાર પંચોલી-રીવાની બર્થડે..

૧૦૦ છાયાબેન કિશોરભાઇ પંચોલી-પૂત્રવધુની બર્થડે..

૧૦૧ શર્મીષ્ઠાબેનના સ્મરણાર્થે મુકેશભાઇ તરફથી

અંતમાં સ્મૃતિબેને સૌ બહેનોને પાઉભાજી પીરસી. નયનાબેને આભાર માની તા. ૨૩.૦૮.૨૦૧૭ના રોજ આગામી મિટિંગની જાહેરાત કરી.

## પંચોલી મહિલા મંડળ – અંકલેશ્વર

તા. ૯.૯.૨૦૧૬ના રોજ બપોરે ૩.૩૦ કલાકે દેવાયાનીબેન નિલેશભાઇ મહેતાને ત્યાં મિટિંગ રાખવામાં આવી હતી. સમૂહ પ્રાર્થનાથી મિટિંગની શરૂઆત કરવામાં આવી હતી.

ગત મિટિંગનો અહેવાલ વાંચી સંભળાવ્યો... ત્યારબાદ શ્રી પંચોલી મહિલા મંડળ દ્વા બી વિભાગમાં શ્રેષ્ઠ મહિલા મંડળનો એવોર્ડમાં સન્માનપત્ર અને રોકડ રકમ મળ્યા એ બદલ પ્રમુખ શ્રીમતિ મીનાબેન છગનભાઇ પંચોલીએ સૌ બહેનોનો આભાર માન્યો અને આ એવોડના ખરા હકકદાર સભ્ય બહેનો છે.. તમારા સાથ સહકારથી વિવિધ પ્રોજેકટો કરી એવોર્ડને પાત્ર બન્યા

છે. આવોજ સાથ સહકાર આપતા રહેશો એવી આશા વ્યકત કરી.

ત્યારબાદ વન મિનિટ ગેમ રમ્યા. જેમાં ૫૦ વર્ષથી ઉપરનામાં મીરાબેન અને ૫૦ વર્ષથી નીચેનામાં દેવયાનીબેન અને કેતકીબેન વિજેતા થયા. મંડળ તરફથી વિજેતા બહેનોને ઇનામ આપવામાં આવ્યા.

મીરાબેને ચક્ષુદાન વિષે માહિતી આપી અને બહેનોએ ચક્ષુદાન કરવાની સંમતિ આપી ફોર્મ ભરાવ્યા.

આગામી મિટિંગ તા. ૨૮ ઓકટોબરના દિવસે ભરૂચ મુકામે પ્રીતવંતીબેન ને ત્યાં રાખવાનું નકકી કરવામાં આવ્યું.

૧૦૦ મધુબેન ઠાકોરભાઇ મિસ્ત્રી
૧૦૦ દેવયાનીબેન નિલેશભાઇ મહેતા-બર્થડે નિમિત્તે.
૫૧ જયોત્સનાબેન બાબુભાઇ પંચોલી-બર્થડે નિમિત્ત

## આપણું ગૌરવ




વડોદરા નગરીને કર્મભૂમિ બનાવી સને ૧૯૯૮થી શિક્ષિકા તરીકે ભકત કવિ નરસિંહ મહેતા પ્રા.શાળા. બપોર-દંતેશ્વર, વડોદરાની શાળામાં ફરજ બતાવતા વંદનાબેન હરીશકુમાર પંચોલીએ ૧૮ વર્ષના અનુભવના અંતે સયાજીનગરી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત ૧૦૪ શાળાઓમાં લગભગ ૧૨૦૦ શિક્ષકોમાંથી વંદનાબેન હરીશભાઇ પંચોલીને ગુજરાત રાજયના રમતગમત તથા સાંસ્કૃતિક વિભાગના મંત્રીશ્રી રાજેન્દ્રભાઇ ત્રિવેદી તથા પ.પૂ. ૧૦૮ ગોસ્વામી શ્રી દ્વારકેશલાલજીના વરદ હસ્તે 'શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ' એનાયત કરવામાં આવ્યો. તથા દિલ્હી 'અવંતિકા' સંસ્થા તરફથી 'શ્રેષ્ઠ આચાર્ય'નો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો...અભિનંદન આમ એક જ વર્ષમાં વધુમાં વધુ પ્રગતિથી વંદનાબેને પંચોલી સમાજનું ગૌરવ વધાર્યુ છે..




વડોદરા નિવાસી અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ વડોદરામાં ડો. સી.વી.રામન પ્રાચમિક શાળામાં શિક્ષિકા તરીકે ફરજ બતાવતા દામિનીબેન વિપુલકુમાર પંચોલીએ સ્ટેટ લેવલ એજ્યુકેશનલ ફેર - ૨૦૧૭માં વેસ્ટમાંથી બેસ્ટ અુતર્ગત પ્લાસ્ટીકની બોટલમાંથી વિવિધ નમૂનાઓનું પ્રદર્શન સાપુતારા ખાતે એજ્યુકેશનલ ફેરમાં રજુ કર્યુ હતું. શિક્ષણમંત્રી શ્રી નાનુભાઇ વાનાણીના વરદ હસ્તે દામિનીબેન વિપુલકુમારને સિલ્ડ એનાયત કરવામાં આવ્યું... અભિનંદન



અમદાવાદના શ્રીમતિ પલ્લવીબેન જીતેન્દ્રભાઇ મિસ્ત્રી સુપ્રસિદ્ધ હાસ્ય લેખિકા કે જેમણે હાસ્યના પાંચ પુસ્તકો પ્રકાશિત થઇ ગયા છે. તેમણે માતૃભારતી દ્વારા આયોજીત '૧૦૦ શબ્દોની લવ સ્ટોરી' માં એમની સ્ટોરી વિજેતા બની છે... પંચોલી સમાજનું ગૌરવ વધાર્યુ છે.... પલ્લવીબેનને અભિનંદન...

'૧૦૦ શબ્દોની લવ સ્ટોરી' જુઓ પેજ નં ૧૮


Matrubharti Presents

100 Word Love Stories

## કિમતી જણસ

નીલેશે ડોરબેલ વગાડી અને અધીરાઈ પૂર્વક પત્ની અલકાની રાહ જોવા લાગ્યો. અલકાએ દરવાજો ખોલ્યો, ઉદાસી છુપાવીને સ્મિત કરતા 'આવો' કહીને ચહેરો ફેરવી લીધો, તે છતાં નીલેશે એની આંખોની ભીનાશને પકડી લીધી.

જમતી વખતે નીલેશે એની મમ્મી સાથે રૂટીન વાતો કરી. જમ્યા બાદ નીલેશે અને અલકા ચાલવા નીકળ્યા. ગાર્ડનની એક બેંચ પર બેસીને નીલેશે પૂછ્યું, 'આજે ફરીથી મમ્મીએ કટાક્ષબાણથી તારૂં નાજુક હૈયું વીંધ્યું લાગે છે. આઈ એમ રીયલી સોરી.'

'ઇટ્સ ઓકે, નીલેશ. તને મેળવવા મેં મારા પપ્પાના હાથનો માર પણ ખાધો છે, તો આ તો... 'કિમતી જણસ' કંઈ એમ જ થોડી મળી જાય?' અલકા બોલી અને બંને હસી પડયા.

- Pallavi Jeetendra Mistry

## પંચોલી નવયુગ એકાઉન્ટ નંબર

આપનું દાન કે જાહેરાતના પૈસા **'શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ** A/C **પંચોલી નવયુગ** ના નામે દેનાબેંક અંકલેશ્વર-ગોયાબજારની શાખામાં ખાતા નંબર

**SB 014710003655 IFSC code BKDN0210147**

માં જમા કરાવો અને

**કાઉન્ટર મોકલી અમોને જાણ કરો...**

તંત્રી-દિનેશભાઇ એમ. મિસ્ત્રી-અંકલેશ્વર

**Dinesh : 98241 91930, Malay : 98240 64282**

## શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ એકાઉન્ટ નંબર

આપનું દાન 'શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ'ના નામે વ્યારા શાખાની બેંક ઓફ બરોડાનાં સેવિંગ્સ ખાતા નં.

**02690100010065 IFC Code BARBOVYARAX**

માં જમા કરાવો અને કાઉન્ટર મોકલી અમોને જાણ કરો...


પ્રમુખશ્રી - મનિષભાઇ એમ. પંચોલી-વ્યારા

# કાવ્ય......

કલ્પનામાં રચ્યુ હતું,
એવું જીવન ના મળ્યું.
રચ્યું હતું મનમોહક,
એવું કવન ના મળ્યું.
મંજિલ એવી કઠણ મળી,
કે ઠોકરો જ મળી.
સહારો એનો મળશે,
એ ધારણા બેઅસર મળી.
નિરાશાને ફગાવી દઈ,
આશાનાં મિનારા રચ્યા.
કિંતુ ભાગ્યમાં કમનશીબી,
ધારેલા મનોરથો તૂટયા.
તિમિરમાં દીપ પ્રગટાવી,
કઠીન પંથે ચાલતા રહ્યા.
સમીરના સુસવાટા મહીં,
દીપ બુઝાયો, ઠોકરો ખાતા રહ્યા.
પરમ કૃપાળુને અંતિમ વિનંતી,
પ્રાર્થના મુજ સુણજે
પ્રેમથી મુજ હાથ ઝાલી
સુની મંજિલ ઉજાળજે...

હરીશભાઇ સી. પંચોલી
સુરત

## એકવાર જાવુ હરિના ધામમાં



વડોદરા નિવાસી સ્વ. ગોવિંદભાઇ કાલીદાસ પંચોલી તા. ૨૭.૦૮.૨૦૧૭ના રોજ હરીના ધામમાં ગયા. ઉ. વ. ૬૮

મુંબઈ(હાલ-સુરત) નિવાસી શ્રી હર્ષદભાઇ ડાહ્યાભાઇ તા. ૧૪.૦૯.૨૦૧૭ના રોજ હરીના ધામમાં ગયા.

## હેપી બર્થડે....



ચિ.દિપ્સા વિરાગકુમાર
મિસ્ત્રી-વડોદરા
તા. ૨૮.૦૬.૨૦૧૩

## હેપી બર્થડે....



અંકલેશ્વર નિવાસી પારસકુમાર મનુભાઇ મિસ્ત્રી તા. ૬.૯.૨૦૧૭ના રોજ ૫૦મી વર્ષગાંઠ નિમિત્તે સમગ્ર પંચોલી સમાજ હાર્દિક શુભેચ્છાઓ પાઠવે છે...
હેપી......બર્થ ડે...... પારસકુમાર

## શ્રીજી પધાર્યા અમ આંગણે...

| | |
|---|---|
| **અંકલેશ્વર** | |
| ડૉ. મહેશભાઇ એમ. મિસ્ત્રી | ૫ દિવસ |
| રમણભાઇ છગનભાઇ પંચોલી | ૧૦ દિવસ |
| છગનલાલ આત્મારામ મિસ્ત્રી | દોઢ દિવસ |
| **વડોદરા** | |
| મધુસુદનભાઇ સી. પંચોલી | ૧૦ દિવસ |
| અશ્વિનભાઇ એસ. પંચોલી | ૩ દિવસ |
| જયરાજભાઇ એ. પંચોલી | દોઢ દિવસ |
| ભરતભાઇ બી. પંચોલી | ૧ દિવસ |
| **સુરત** | |
| સ્વયં ગ્રુપ | ૩ દિવસ |

## દેવના દિધેલ

ભાટપુર નિવાસી શ્રી નિરવકુમાર જગદીશચંદ્ર પંચોલીને ત્યાં પુત્રીરત્ન ‘ચિ. કિઆરા’નો જન્મ થયો... માતા : પ્રિયંકાબેન





બીલીમોરા નિવાસી શ્રી ભાવિક ભરતભાઇ પંચોલીને ત્યાં તા. ૧૭.૦૯.૨૦૧૭ના રોજ પુત્રરત્ન નો જન્મ થયો... માતા : તેજલબેન

## નવયુગ જાહેરાત

**શું તમે દિપોત્સવી અંકોમાં
જાહેરાત આપવાનું ભુલી ગયા છો ?
તો નવયુગ મળે
આપની શુભેચ્છા જાહેરાત જરૂરથી
મોકલી આપશો...
જેથી જાન્યુઆરી માસના
નવયુગમાં પ્રકાશિત કરી શકાય**

# ટીપે ટીપે સરોવર ભરાય

રૂા. ૧૫૧/- અંકલેશ્વર નિવાસી માનનીય પૂ. મધુબેન ઠાકોરભાઇ મિસ્ત્રી તરફથી વર્ષગાંઠ નિમિત્તે.

રૂા. ૨૫૧/- વડોદરા નિવાસી સ્વ. ગોવિંદભાઇ કાલીદાસ પંચોલીના સ્મરણાર્થે અંજનાબેન ગોવિંદભાઇ તથા તુષાર ગોવિંદભાઇ પંચોલી તરફથી

રૂા. ૧૦૦/- ભાટપુર નિવાસી માતુશ્રી સ્વ. જડાવબેન તથા પિતાશ્રી પિતાંબરદાસ હરગોવિંદદાસના સ્મરણાર્થે પરિવારજનો તરફથી.

રૂા. ૧૦૦/- ભાટપુર નિવાસી માતુશ્રી સ્વ. પરસનબેન તથા પિતાશ્રી સ્વ. છીતાલાલ પીતાંબરદાસ પંચોલીના સ્મરણાર્થે પરિવારજનો તરફથી.

રૂા. ૧૫૦/- ભાટપુર નિવાસી શ્રીમતિ પ્રિયંકાબેન તથા શ્રી નિરવકુમાર જગદીશચંદ્ર પંચોલી તરફથી પુત્રીરત્ન ‘કિઆરા’ના જન્મ નિમિત્તે.

રૂા. ૨૫૧/- વડોદરા નિવાસી અંજનાબેન ગોવિંદદાસ પંચોલી(પત્ની) તથા તુષારભાઇ ગોવિંદભાઇ પંચોલી(પુત્ર) તરફથી સ્વ. ગોવિંદભાઇ કાલીદાસ પંચોલીના સ્મરણાર્થે....

રૂા. ૧૫૦/- વડોદરા નિવાસી શ્રી પ્રવિણભાઇ ચીમનલાલ પંચોલી તરફથી સ્વ. સવિતાબાની પ્રથમ પૂણ્યતિથિ નિમિત્તે તથા સ્વ. ચીમનભાઇની ૧૦મી પૂણ્યતિથિ નિમિત્તે..

રૂા. ૧૦૧/- અંકલેશ્વર નિવાસી રમણભાઇ છગનભાઇ પંચોલી તરફથી પૌત્ર વિવાન ના જન્મ નિમિત્તે.

# શતમ્ જીવમ્ શરદઃ



વડોદરા નિવાસી મહામંડળના માજી પ્રમુખ શ્રી અમૃતભાઇ પંચોલીના ધર્મપત્ની શ્રીમતિ મંજુલાબેન અશ્વિનભાઇ પંચોલીની ૭૫મી વર્ષગાંઠ નિમિત્તે......હેપી બર્થડે



વડોદરા (જબુગામ) નિવાસી નટવરલાલ મગનલાલ પંચોલીની તા. ૩.૦૯.૨૦૧૭ના રોજ ૮૧મી વર્ષગાંઠ નિમિત્તે......હેપી બર્થડે....નટુભાઇ..

૮૧મી વર્ષ ગાંઠ નિમિત્તે પંચોલી નવયુગને રૂા. ૫૦૦ ભેટ મળ્યા.....આભાર

સમગ્ર પંચોલી સમાજ હેપી બર્થડે પાઠવે છે.......

નવયુગ શુભેચ્છક શ્રી મુંકુંદલાલ હિરાલાલ પંચોલી વડોદરા શ્રી બાબુલાલ રામદાસ મપારા વડોદરા

Book-Post

**Printed Book**

Publisher and Printer **Dineshbhai Mistry** on behalf of **Shri Pancholi Seva Samaj Mahamandal**
**Printed** : **Akshar Printers,** 2/3, Ajit Estate, B/h. Old Dena Bank, Opp. Dr. Back & Co, GIDC, Ankleshwar-393 002. Dist Bharuch.
**Published** : 302, Subham Residency, Precom Compound, B/h. Rajkamal Arcade, GIDC. Ankleshwar-2
**Editior : Dineshbhai Mohanlal Mistry Mo. : 98241 71930, 98240 64282. Email : pancholinavyug@gmail.com**